જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૫/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૯૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૯૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૯૩/૧૬

**શાહીબાગઃ** રીનાબહેન પ્રવિણભાઇ ઓડ (ઉ.વ.૧૬) (રહે. ગધેડાવાળી ચાલી જય જોગણીમાની ચાલી ઓડવાસ રાધાકૃષ્ણ મંદિર પાછળ વિઠ્ઠલનગર શાહીબાગ) ને તા.૧૧/૫/૧૬ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રોશન દંતાણી (જેના પુરા નામની ખબર નથી) (રહે. સિવિલ હોસ્પીટલ ગેટ નંબર-૨ સામે રણછોડપુરા) લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રીનાબહેનની માતા મીનાબહેન ઓડએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે કે દેસાઇ ચલાવે છે.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૮૯૪/૧૬

શહેરકોટડાઃ જાફરહુસેન રસુલભાઈ મન્સુરી (ઉ.વ.૮૩) (રહે.કાપડ બજાર ઢાલગરવાડ કારંજ) એ તા.૧૨/૫/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૫/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) ઈસ્માઈલભાઈ ઉર્ફે ગુલામહુસેન મન્સુરી (રહે.બાગે નિશાંત સોસાયટી મસ્જીદની બાજુમાં સોનલ સિનેમા રોડ વેજલપુર) અને (૨) દિપક (નરોડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ) જણાવી બન્નેએ ભેગા મળી નરોડા અરવિંદમીલ પાછળ મ્યુ.કોટનવેસ્ટ મર્ચન્ટ એસોસીએશન ગોડાઉન ખાતે આવી નરોડા પોલીસ સ્ટેશનમાંથી ત્રણ એક્ટીવા સસ્તા ભાવે મળી જાય તેમ છે તેમ કહી લોભામણી વાતો કરી જાફરહુસેન મન્સુરી પાસેથી રૂપિયા ૯૦,૦૦૦/- લઈ જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન આર મકવાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

રખિયાલઃ નિમેષ હરજીવનભાઈ પટેલ (ઉ.વ.૩૬) (રહે.મણીચંદ્ર સોસાયટી વિભાગ-૨ સુરધારા સર્કલ પાસે મેમનગર) એ તા.૧૨/૫/૧૬ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧/૧૬ થી તા.૮/૩/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હિતેશ ગંગારામ પંચાલ (૨) ગંગારામ જેઠાલા પંચાલ (૩) પંકજ પંચાલ (૪) કિરણ પંચાલ અને (૫) ડુંગરસિહ ચૌહાણ નાઓએ ભેગા મળી રખિયાલ ગણેશ એસ્ટેટમાં આવેલ નિવેશા મેટલ્સ નામની કંપની ખાતેથી એસ.એસ.ની શીટ અને કોયલો કિમત રૂપિયા ૧,૦૬,૨૧,૦૨૧/- નો માલસામાન ખરીદી માલસામાન પેટે રૂપિયા ૨૮,૦૧,૦૦૦/- ચુકવી બાકીના નાણા ૭૮,૨૦,૦૨૧/- નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ બી દેવધા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)